**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

તા.૩૦.૦૭.૨૦૧૬ **નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ દ્વારા ગુડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૧ ફાઈલના **રૂ.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧ લોકેશન (ખાડા)** ૨૧૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૪.૨૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૧૨ લોકેશન(ખાડા) **૩૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, ૨૮૩૦.૦૦ **ચો.મી.** એપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૬(મજુરા–ખટોદરા), ફા.પ્લોટ નં.૨૫૭+૨૫૯, ૬૦૦ ચો.ફુટ પાર્કીંગનું દબાણ દૂર કરવામાં આવ્યું તથા હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : ૦૫ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૨૨,૪૦૭/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ દ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૩** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૮૦ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૪૮.૧૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ દ્વારા** વ્યવસાય વેરાની આવક રૂ.૦.૪૮ લાખ થયેલ છે., **૧૪** EC તથા **૧૪** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૬૩૯/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે રૂ.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે., **૩૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ દ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા: **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા: **૧૧૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૬.૧૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા: ૩૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૩,૬૦૦/–** છે., તથા **વી.ડી.સી.** વિભાગ દ્વારા કુલ : **૧૧૭૦૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ: **૨૬૪૪૪** બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૧૧૧** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ ક્લેકશન: ૮૫૨ કરવામાં આવેલ છે. જ્યારે **૪૩** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૧,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.**........................
તા.૩૦–૦૭– ૨૦૧૬ 857

# પ્રેસનોટ

વિશ્વ સ્તનપાન સપ્તાહ તા.૧ થી ૭ ઓગષ્ટ દરમ્યાન સ્તનપાન વિષયક બાબતે લોકજાગૃતિ કેળવાય તે હેતુસર સુરત મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા " રેલી"નું આયોજન તા.૦૧/૦૮/૨૦૧૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે,સરદાર ચોક,રેલ્વે સ્ટેશન ખાતેથી કરવામાં આવેલ.રેલીનું પ્રસ્થાન માન.મેયર શ્રીમતીઅસ્મિતાબેન શિરોયા દ્વારા લીલીઝંડી બતાવી કરવામાં આવેલ. રેલીમાં માન.આરોગ્ય સમિતિ ચેરમેનશ્રીઅનિલભાઈ બિસ્કીટવાળા, માન.હોસ્પિટલ સમિતિ ચેરમેન ડો.રમણભાઈ પરમાર, અન્યમહિલા કોર્પોરેટરશ્રીઓ,ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ એન્ડ ડાયરેકટરશ્રી ડો.એચ.ડી.દૂધવાલા, નાયબ આરોગ્યઅધિકારીશ્રી ડો.મહેન્દ્ર પટેલ, આઈ.સી.ડી.એસ.નો સમગ્ર સુપરવાઈઝર સ્ટાફ તથા અંદાજીત ૫૦૦ આંગણવાડી કાર્યકરો બહેનો સ્તનપાન વિષયકમાહિતીના પોસ્ટર અને બેનર્સ સાથે ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

રેલી સરદાર ચોક રેલ્વે સ્ટેશનથી દિલ્હીગેટ અને ત્યાંથી અમિષા હોટલ થઈ આર્યુવેદિક કોલેજ થઈ સ્ટેશન પરત ફરી હતી આ રેલીનો મુખ્ય હેતુ સ્તનપાન વિષે લોકોમાં જાગૃતિ આપવાનો હતો. બાળક જન્મે પછી તરત ૧ કલાક ની અંદર માતાનું પીળુ ધાવણ (કોલોસ્ટ્રેમ) આપે, બાળક ૬મહિનાનું થાય ત્યાં સુધી ફકત માતાનું ધાવણ જ આપવામાં આવે, ૬મહિના પછી બાળકને સમયસર ઉપરી આહાર રાખવામાં આવે વિગેરે જાણકારી લોકો સુધી પહોંચવી જરૂરી છે. વિશ્વ સ્તનપાન સપ્તાહ તા.૧ થી ૭ ઓગષ્ટની ઉજવણી સમગ્ર વિશ્વમાં ૧૬૦ દેશો દ્વારા વિશ્વઆરોગ્ય સંસ્થા તથા યુનિસેફના સહયોગથી થાય છે.

આ વર્ષની થીમ " સ્તનપાનઅવિરતવિકાસનીચાવી" છે.માતાનું પહેલુ ધાવણ ડીલીવરી બાદ ૧ કલાકના બદલે ૧ દિવસ મોડું આપવામાં આવે તો બાળકના મૃત્યુની સંભવાના ૨.૪ ગણી વધી જાય છે. ડીલીવરી બાદ સ્તનપાનથી બાળકનો શારિરીક, માનસિકવિકાસ તો થાય જ છે પરંતુ માતાને પણ ગર્ભશાય,સ્તનના કેન્સરની સંભવાના ઘટી જાય છે. તેણીને પ્રસુતિ બાદ રકતસ્ત્રાવની સંભાવના ઘટી જાય છે. સ્તનપાન એક ગર્ભ નિરોધકનું પણ કાર્ય કરે છે. સ્તનપાનથી ફાયદા એ છે કે ગમે ત્યારે અને વિનામૂલ્યે બાળકને મળી શકે છે. તેને ગરમ કરવાની જરૂર નથી. તે બાળકને નયુમોનિયા,ઝાડા તથા કમળા જેવા રોગોથી બચાવે છે અને સ્તનપાનના કારણે માતા અને બાળકનો આત્મીયતાનો સેતુ બંધાય છે અને બાળકમાં સુરક્ષાની ભાવના પેદા થાય છે.

આ સમગ્ર કાર્યકમનું આયોજન આઈ.સી.ડી.એસ.વિભાગના મેડીકલ ઓફિસર ડો.એચ.કે.સોંધરવા અને તેમનો સમગ્ર આઈ.સી.ડી.એસ.સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું.


વિશ્વ સ્તનપાન સપ્તાહ
તા. ૧ થી ૭ ઓગષ્ટ

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૦૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૭૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૫૦૯૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૮૯૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૫૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૨૫ કરદાતાઓ પાસેથી રૂા.૧૮,૧૦,૯૮૦/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૬૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૬ એન્ટ્રીમાં રૂા.૮૧,૯૮૬/– અને આર.સી.ની ૨૬ એન્ટ્રીમાં રૂા.૮૬,૨૬૦/– મળી કુલ રૂા.૧,૬૮,૨૪૬/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૬૦/– રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૬૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : મગનનગર થી બાપા સીતારામ ચોક સુધી તથા સિંગણપોર માર્કેટ થી સિંગણપોર ચાર રસ્તા સુધી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૮, બંધ લારી–૦૧ તથા અન્ય–૦૭ જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગર પાલિકા

નોર્થઝોન(કતારગામ) ખાતે તા.૨૯/૦૭/૨૦૧૬ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે તથા સાંજે ૫.૦૦ કલાકે અનુક્રમે વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ તથા વિવિધ સોસાયટીઓના પ્રમુખશ્રીઓની "આધારકાર્ડ નોંધણી સંબંધિત", "પ્રાથમિક સુવિધા અંગેની સંકલન મીટીંગ" તથા ઓરોગ્યલક્ષી મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૨૮૪ સભ્યો હાજર રહયા હતા.

– આસી.કમિશ્નરશ્રી દ્વારા આધારકાર્ડની અનિવાર્યતા જેવી કે કોઈપણ નાણાકીય વ્યવહારો માટે, બાળકોના એડમીશન માટે, સરકાર દ્વારા જાહેર કરેલ વિવિધ યોજનાઓના લાભ માટે તથા અન્ય સરકારી કામકાજ માટે ખુબ જ જરૂરી છે, તેની સમજણ આપી, સંસ્થા તથા સોસાયટીઓના પ્રમુખશ્રીઓને ઓનલાઈન રજીસ્ટ્રેશન બાબતની જાણકારી આપી. સદર કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવાની હોય, સુરત શહેરમાં ૧૦૦% આધારકાર્ડની નોંધણી થાય તે માટે સંસ્થાના પ્રતિનિધિઓ તથા સોસાયટીઓના પ્રમુખશ્રીઓને અપીલ કરવામાં આવી.

– "સ્વચ્છતા મિશન અંતર્ગત" આસી.કમિશ્નરશ્રી ભાણાભાઈ પટેલ દ્વારા સુરત શહેરને સ્વચ્છતાની દ્રષ્ટિએ હાલમાં છઠ્ઠા નંબરે છે તેને ભારતનું પ્રથમ નંબરનું શહેર બનાવવા માટેના પ્રયત્નો કરવા સંસ્થાના પ્રતિનિધિઓ તથા સોસાયટીઓના પ્રમુખશ્રીઓ ને અપીલ કરવામાં આવી.

– સુરત મહાનગર પાલિકા દ્વારા ચાલતી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ બાબતેની જાણકારી ડો.પરેશભાઈએ વિસ્તૃત રીતે જણાવી તથા  સદર યોજનાનો લાભ લેવા નમ્ર અપીલ કરવામાં આવી. સ્વાસ્થ્ય પ્રેમી સંસ્થાના સ્થાપક  ડો.કૌશિકભાઈ ધંધુકીયા તથા કિશોરભાઈ પાંડવ દ્વારા કોઈપણ જાતની દવા વગર જીવનશૈલીમાં થોડો ફેરફાર કરીને આજીવન સ્વસ્થ કેવી રીતે રહી શકાય તે બાબતની રસપ્રદ માહિતી આપવામાં આવી.

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્રારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબઈલ મેડીકલ ટીમો દ્રારા જુદા–જુદા વિસ્તાર જેવા કે લીંબાયતમાં આઝાદચોક, નુરાની મસ્જીદ, સવેરા એપાર્ટમેન્ટ, ઉધનામાં ભીમનગર EWS આવાસ, મફતનગર, સંજયનગર, તિવારીનગર, ઉધના નહેર, પાંડેસરામાં શાંતિવન સોસાયટી, બમરોલી, તેમજ અડાજણમાં EWS આવાસ, સૂર્ય દીપ એપાર્ટમેન્ટ, તેમજ આજુબાજુનો વિસ્તારમાં જઈ સર્વે તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમા ૨૦૬૯ કુટુબનું સર્વેલન્સ કરી ૭૬૩૪ વસ્તી આવરી લઈ ૩૬ કલોરીન ટેસ્ટ ને ૬ પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૩૦૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૭૯૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે.સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્રારા આજદિન સુધી ૦૫ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૧ નાના કેમ્પો મળી કુલ ૩૬ કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૭૦૩૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

૮૬૩

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૧/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૨૨(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૧૦, પ્લોટ નં.૭૨, ૭૩, ચલિયાવાલા ઈન્ડ. ખાતે ૭૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ૫૦૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૧.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૨ લોકેશન (ખાડા) ૭૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪.૫૮** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૯ લોકેશન(ખાડા) **૪૪૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૮ લોકેશન, **૧૧૨૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૨૨(ભેસ્તાન), ફા.પ્લોટ નં.૧૦, પ્લોટ નં.૭૨, ૭૩, ચલિયાવાલા ઈન્ડ. ખાતે ૭૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ૫૦૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૪ પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૭** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૫૯** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૦.૫૮** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૮૯** લાખ થયેલ છે., **૧૬** EC તથા **૧૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૭૭૦**/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૨૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૮.૯૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨૫૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૨૪૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૯૦૧૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૯૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૧૮** કરવામાં આવેલ છે. જયારે **૫૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૨,૫૫૦**/– વસુલ લેવામાં આવેલ છે.

## પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૧/૦૮/૨૦૧૬

### પૂર્વ(વરાછા)ઝોનના અલગ અલગ વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી.

(૧) ટી.પી. સ્કીમ નં.૨૦(નાના વરાછા–કપાદ્રા), ફા.પ્લોટ નં.૮૫ +૮૬ પૈકીમાં આવેલ ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીઝના સબ પ્લોટ નં. ૯૨ થી ૯૫ વાળી મિલકતમાં ભોંયતળિયા તથા પ્રથમ માળના બાંધવાના ઈરાદે શરૂ કરવામાં આવેલ બાંધકામના ડિમોલીશનની કાર્યવાહી અંતર્ગત પ્રથમ માળના આર.સી.સી. કોલમ તથા ચણતરની દિવાલોનું આશરે ૧૦૦૦.૦૦ ચો.ફુટ તથા આર.સી.સી. સ્લેબ આશરે ૧૨૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં તોડી દુર કરવામાં આવ્યો.

(૨) ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ ૫૭ પૈકીમાં આવેલ ગીતાજંલી સીનેમાની પાછળ આવેલ માધવ એસ્ટેટવાળી મિલકતમાં આંતરીક રસ્તા પર આશરે ૪૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં અનઅધિકૃત રીતે બનાવેલ ગેલ્વેનાઈઝના પતરા તથા સ્ટીલ ફેબ્રીકેશન શેડ દુર કરી માલસામાન જપ્ત કરવામાં આવ્યો.

ઉકત કામગીરી અંતર્ગત ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– વસુલવામાં આવ્યા.

ઉપરોકત કામગીરી હેઠળ અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શનથી ડે.ઈજનેરશ્રી, સિકયુરીટી સ્ટાફ, શહેરી વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.....865.......<br>
તા.૦૧/૦૮/૨૦૧૬

# સુરત મ[illegible]કા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારના વિભાગીય કચેરીમાં ફરજ બજાવતા સફાઈ કામદાર/અન્ય કામદારને મ્યુ.સભ્યશ્રીઓ સામાજીક આગેવાનો તેમજ સીનીયર સીટીઝનો દ્વારા સ્વયં મહાનગરપાલિકાના કર્મચારીઓને ફ્રેન્ડશીપ બેલ્ટ આપવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૩૦/૦૭/૧૬ના રોજ મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય વિભાગીયની કચેરીઓમાં સભ્યશ્રી, સામાજીક આગેવાનો, સીનીયર સીટીઝન દ્વારા ફરજ પર હાજર રહેલ કર્મચારી/સફાઈકામદારોને સ્વયં કચેરીએ જઈ ફ્રેન્ડશીપ બેન્ડ આપી પ્રોતસાહીત કરવામાં આવ્યા હતા.

| ઝોન | ફ્રેન્ડશીપ ડે ઉજવણીમાં ભાગ લેનાર | | | | |
|---|---|---|---|---|---|
| | સ્થળની સંખ્યા | મ્યુ. સભ્યો/ આગેવાનોની સંખ્યા | સીનીયરની સંખ્યા | શાળા/કોલેજના શીક્ષક/વિધાર્થીઓની સંખ્યા | સફાઈ કામદારની સંખ્યા |
| વરાછાઝોન | 12 | 30 | 39 | 125 | 225 |
| ઉધનાઝોન | 12 | 9 | 27 | 45 | 198 |
| રાદેરઝોન | 11 | 21 | 42 | 54 | 201 |
| લિબાયતઝોન | 11 | 13 | 19 | 155 | 404 |
| સેન્ટ્રલઝોન | 19 | 7 | 15 | 25 | 500 |
| કતારગામઝોન | 12 | 8 | 70 | 70 | 150 |
| અઠવાઝોન | 10 | 6 | 40 | 35 | 495 |
| **ટોટલ** | **87** | **94** | **252** | **509** | **2173** |

વધુમાં સિનિયર સીટીઝન/આગેવાનો તેમજ નાગરીકોના સહયોગથી ફ્રેન્ડશીપ બેલ્ટ આપી વધુ સારી કામગીરી કરવા માટે પ્રોત્સાહીત કરી આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં આવેલ સીનીયર સીટીઝન માટે બનાવેલ સરકારી/ખાનગી કલબોના સભ્યો દ્વારા ધનિષ્ઠ સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૯/૦૭/૧૬ના રોજ મહાનગરપાલિકા ઝોન વિસ્તારના આવેલ સરકારી/ખાનગી કલબોના સભ્યો તેમજ આરોગ્ય વિભાગની સયુકત ટીમો બનાવી કલબો તથા તેની આજુ બાજુ સફાઈ ઝુંબેશની કામગીરી કરવામાં આવેલ હતી.

ઉપરોકત ધનિષ્ઠ સફાઈ ઝુંબેશમાં શહેરી/ઝોન વિસ્તારમાં આવેલ સીનીયર સીટીઝન કલબો પૈકીની ૩૧ સરકારી/ખાનગી કલબના ૨૮૧ સીનીયર સીટીઝનોએ ભાગ લીધેલ, ૧૦૪ સફાઈ કામદાર, ૨૧ સુપરવાઈઝરની સીધી દેખરેખ હેઠળ સફાઈ કામગીરી કરાવી ૦.૭૩૧ મે.ટન કચરાનો નિકાલ કરાવ્યા બાદ ૩૪૯ જતુંનાશક દવાના છંટકાવની કામગીરી કરાવવામાં આવેલ હતી. તેમજ સીનીયર સીટીઝન તથા સ્થાનિક રહીશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૮૬૮

# પ્રેસનોટ

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા  તા.૨૫/૦૭/૧૬ થી તા.૩૧/૭/૧૬ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા TFPZ5q૦૭/૧૬ થી તા.૩૧/૭/૧૬ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ,ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઇસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૪૭૫૨૩૦ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ,પીપ, અંડરગ્રાઉન્ડ ટેન્ક, ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૦૪૧૮૪૧ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૪૧૧૮ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૩૫૪૮ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૧૯૩૮ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૬૬૮૭૫ સ્પોટમાંથી ૧૫૧૭ સ્પોટમાં બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૪) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૪૪૨ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૫) ૧૨૮૯ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૫૯ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૬) તમામ ઝોનમાં કુલ ૧૫૨૬ વ્યકિતઓને આરોગ્યરક્ષણ સંબંધી નોટિસો આપવામાં આવી અને ૧૬૦૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

(૭) **વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૩૦/૭/૧૬ ના રોજ "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જે અંતર્ગત તમામ ઝોનમાં કેરબા,ડ્રમ જેવા પડતર અને નકામા કન્ટેનરોના નિકાલ સહિતની કામગીરી કરવામાં આવેલ. આ ઝુંબેશમાં સોર્સ રીડકશન હેઠળ ૪૬૦૪૧ ઘરોનો સર્વે કરી ૧૩૮૮ કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો,૧૪૦૫૨ પાત્રોને ડ્રાય કરવામાં આવ્યા તથા ૨૪૫૪ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા.**

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

## :: પ્રેસનોટ ::

## ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ''

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા.૦૧/૦૮/૨૦૧૬ને સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ''મારે ટોડલે બેઠો મોર'' શીર્ષક હેઠળ ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ''નું આયોજન સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોનો સૂર જાહેર જનતામાં ગુંજતો રહે, તે માટે પહેલી જૂન ૨૦૧૬થી સળંગ બાર માસ સુધી ગુજરાત રાજયના અલગ–અલગ શહેરોમાં દર માસની પહેલી તારીખે તે નિમિત્તે ગીતોનો કાર્યક્રમ રાખવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૦૧/૦૬/૨૦૧૬ના રોજ જુનાગઢ ખાતે ''રામના બાણ વાગ્યા'' શિર્ષક હેઠળ, તા.૦૧/૦૭/૨૦૧૬ના રોજ વડોદરા ખાતે ''અંબર ગાજે'' શિર્ષક હેઠળ યોજાયા બાદ તા.૦૧/૦૮/૨૦૧૬ના રોજ ત્રીજો કાર્યક્રમ સુરત ખાતે ''મારે ટોડલે બેઠો મોર'' શિર્ષક હેઠળ યોજાયો હતો.

સુરત શહેરની જાહેર જનતાના હિતાર્થે વિનામૂલ્યે યોજાયેલ ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ'' રજુ કરવા આવેલ સુપ્રસિધ્ધ લોક ગાયકશ્રી અભેસિંહ રાઠોડ, લોક સાહિત્યકારશ્રી મેરામણભાઈ ગઢવી, લોકગાયિકા શ્રી મીનાબેન પટેલ અને કાર્યક્રમના સંચાલકશ્રી ગોપાલભાઈ બારોટ વગેરે કલાકારો ઉપરાંત ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢ વીનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. લોકગીતોની સાથે જ ગુજરાતી ફિલ્મોમાં ગાયેલાં ગીતોના લીધે દેશભરમાં પ્રતિષ્ઠા પામેલા અને ગુજરાતની કોયલ તરીકે ઓળખાતા પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલનો સૂર જાહેર જનતામાં ગુંજતો રહે તે હેતુથી ''મારે ટોડલે બેઠો મોર'' શિર્ષક હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં ''પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના કંઠે ગવાયેલા રામના બાણ વાગ્યાં...., પાપ તારું પરકાશ જાડેજા....., મારે ટોડલે બેઠો મોર કયાં બોલે...મને લાગ્યો કસુંબીનો રંગ...જેવા રજુ કરેલ સુપ્રસિધ્ધ ગીતો પર ઉપસ્થિત સંગીતપ્રેમી નગરજનો ઝૂમી ઊઠયા હતા. કલાપ્રેમી શહેરીજનોના હાઉસફુલ ઓડિયન્સથી કલાકારોને પણ મૌજ પડતાં જાણીતા લોકગીતોની રંગત જમાવી ઉપસ્થિતોને ભાવવિભોર કર્યા હતા.

શહેરના પ્રથમ નાગરિક માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને સંગીતપ્રેમી શહેરીજનોએ છેલ્લે સુધી હાઉસફુલ પ્રેક્ષાગારની હકડેઠઠ જનમેદની વચ્ચે કાર્યક્રમને માણ્યો હતો.






ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે તા.૦૧/૦૮/૨૦૧૬ના રોજ સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે "મારે ટોડલે બેઠો મોર" શિર્ષક હેઠળ યોજાયેલ "પદ્મશ્રી સ્વ.દિવાળીબેન ભીલના ગીતોના કાર્યક્રમ"માં કલાકારો સાથે લોકગીતો રજૂ કરતા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવી તથા લોકગીતોને માણતા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ તેમજ સંગીતપ્રેમી નગરજનો દ્રશ્યમાન છે.

# પ્રેસનોટ

## '' ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ) અને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) માં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન ''

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ) માં આવેલ જી–નારાયણ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં સબ પ્લોટ નં.૪૬ અને ૪૬–એ માં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા હયાત ગ્રાઉન્ડ ફલોર + બે માળ વાળી મિલ્કત પર ત્રીજો માળ બાંધવાનું ચાલું કરવામાં આવેલ. સદર બાંધકામને ઝોન કચેરી દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની સુચના અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જે સામે ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા આજ તા.૦૨/૦૮/૨૦૧૬ નાં રોજ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ત્રીજા માળનું આશરે ૨૧૦૦ ચો.ફુટ માપવિસ્તારનાં આર.સી.સી.સ્લેબનું ડિમોલીશન કરી સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. વધુમાં વધારાનું બાંધકામ સ્વૈચ્છિક દુર કરવા બાબત મિલ્કતદારો / કબ્જેદારો પાસેથી બાંહેધરી લઈ રૂા.૩૫,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

ઉપરાંત ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૪૩/૧ માં આવેલ મહાદેવનગર–૧ નામની રહેણાંક હેતુવાળી સોસાયટીમાં સબ પ્લોટ નં.૭૬૨,૭૬૩,૭૬૪ અને ૭૬૫ નાં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા હયાત ગ્રાઉન્ડ ફલોર + એક માળ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર પર કોમર્શીયલ હેતુસર દુકાનો શરૂ કરવામાં આવેલ. જે ધ્યાને આવતા ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા આજ તા.૦૨/૦૮/૨૦૧૬ નાં રોજ ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે આશરે ૨૦૦૦ ચો.ફુટ માપવિસ્તારનાં સ્લેબ તથા ચણતરકામનું ડિમોલીશન કરી ૦૪–નંગ શટર જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી દરમ્યાન લિંબાયત ઝોનનાં ડે.ઈજનેરો, આસી./જુની.ઈજનેરો, આસી.ટાઉનપ્લાનર,દબાણ ખાતાનાં સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૨૦ બેલદારો તથા ખાનગી એજન્સીનાં ૪૦ માણસોની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૯૦૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૯૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૨૭૬ કરદાતાઓ પાસેથી રૂા.૩૨,૮૯,૧૬૧/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૧૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૯ એન્ટ્રીમાં રૂા.૧,૩૨,૮૫૨/– અને આર.સી.ની ૫૧ એન્ટ્રીમાં રૂા.૧,૭૩,૦૦૭/– મળી કુલ રૂા.૩,૦૫,૮૫૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૫૪૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૫૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 871 : 
તા.૦૨/૦૮/૨૦૧૬

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબઈલ મેડીકલ ટીમો દ્વારા જુદા–જુદાવિસ્તારમાંજેવા કેરાંદેરમાં સુલ્તાનીયા ઝુપડપટ્ટી, હિતેન્દ્રનગર, ગાંધી વસાહત, અઠવામાં ગોકુલ નગર– ભટાર રોડ, સેન્ટ્રલ ઝોનમાં કાદરશાની ઝુપડપટ્ટી, વરાછામાં નરસિંહ મંદિરનો ટેકરો–એલ.એચ.રોડ, ખારવા ચાલ, ધોબીચાલ પાટીચાલ, ઉધરશ ભૈયાની વાડી, મફત નગર,લીબાયતમાં જન્નતીબાગ, સંજયનગર, પાંડેનગર, ફુલવાડી ઉધનામાં ગાંધીનગર, વોરા કબ્રસ્તાન, પંચશીલનગરવિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમા ૩૦૪૬કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૧૧૫૯૮ વસ્તી આવરી લઈ૪૯કલોરીન ટેસ્ટ ને ૫પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૮૬૪૦નંગ કલોરીન ટેબલેટ, ૧૦૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી ૦૫ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૨ નાના કેમ્પો મળી કુલ ૩૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૭૧૪૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૨/૦૮/ ૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોનના પુણા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં.૧૧(પુણા), બ્લોક નં.૫૬૦, ફા.પ્લોટ નં.૨૩ પૈકીમાં આવેલ બુટભવાની એપાર્ટમેન્ટ વિભાગ–'ઈ' માં બીજા માળ પર આશરે ૬૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં પરવાનગી વગરનું આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ તથા ચણતર સહિતનું બાંધકામ અત્રેથી તોડીને દુર કરવામાં આવ્યુ.

ઉપરોકત કામગીરી હેઠળ અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શનથી ડે.ઈજનેરશ્રી, સિકયુરીટી સ્ટાફ, શહેરી વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ.

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૦૨.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૨૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૯ લોકેશન (ખાડા) ૪૪૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૦.૧૯૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૩૪૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન, **૨૫૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮(બમરોલી), બ્લોક નં.૨૭૪, ફા.પ્લોટ નં.૧૬૬, પ્લોટ નં.૩૪, ૩૫, ૩૬ તૃપ્તિનગર ખાતે **૨૫૦ ચો.ફુટ** આર.સી.સી. તથા **૩૨૦ ચો.ફુટ** મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૨ (ઉધના), ફા.પ્લોટ નં. ૬૩, પ્લોટ નં.૬૬ આશાનગર–૧ ખાતે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં શટર અને ચણતર દુર કરવામાં તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૪૨,૨૮૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૮૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૦૩.૫૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૨૭** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૧૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૨૭૩/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૪** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૫૯.૮૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨૫૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૯૦૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૧૬૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૫૯** કરવામાં આવેલ છે. જયારે **૫૧** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# -: પ્રેસનોટ :-

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૨/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮(બમરોલી), બ્લોક નં.૨૭૪, ફા.પ્લોટ નં.૧૬૬, પ્લોટ નં.૩૪, ૩૫, ૩૬ તૃપ્તિનગર ખાતે **૨૫૦ ચો.ફુટ** આર.સી.સી. તથા **૩૨૦ ચો.ફુટ** મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/-, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/- તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/- વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨ (ઉધના), ફા.પ્લોટ નં. ૬૩, પ્લોટ નં.૬૬ આશાનગર-૧ ખાતે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં શટર અને ચણતર દુર કરવામાં તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/-, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/- વસુલ લેવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૨૫/૦૭/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૦,૭૩૦/–, વેસ્ટઝોન – રૂા.૧૧,૮૫૦/–, સાઉથઝોન – રૂા.૫,૬૦૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૨૫,૯૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૯,૪૦૦/–, નોર્થઝોન – રૂા.૪,૩૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૯,૩૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૭૪,૦૮૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

## " ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ) અને ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) માં ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન "

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ મંજુર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ) માં આવેલ જી–નારાયણ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં સબ પ્લોટ નં.૪૬ અને ૪૬–એ માં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા હયાત ગ્રાઉન્ડ ફલોર + બે માળ વાળી મિલ્કત પર ત્રીજો માળ બાંધવાનું ચાલું કરવામાં આવેલ. સદર બાંધકામને ઝોન કચેરી દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની સુચના અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જે સામે ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા આજ તા.૦૨/૦૮/૨૦૧૬ નાં રોજ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ત્રીજા માળનું આશરે ૨૧૦૦ ચો.ફુટ માપવિસ્તારનાં આર.સી.સી.સ્લેબનું ડિમોલીશન કરી સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. વધુમાં વધારાનું બાંધકામ સ્વૈચ્છિક દુર કરવા બાબત મિલ્કતદારો / કબ્જેદારો પાસેથી બાંહેધરી લઈ રૂા.૩૫,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે.

ઉપરાંત ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફા.પ્લોટ નં.૧૪૩/૧ માં આવેલ મહાદેવનગર–૧ નામની રહેણાંક હેતુવાળી સોસાયટીમાં સબ પ્લોટ નં.૭૬૨,૭૬૩,૭૬૪ અને ૭૬૫ નાં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા હયાત ગ્રાઉન્ડ ફલોર + એક માળ વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર પર કોમર્શીયલ હેતુસર દુકાનો શરૂ કરવામાં આવેલ. જે ધ્યાને આવતા ઝોન કચેરીનાં શહેર વિકાસ વિભાગ દ્વારા આજ તા.૦૨/૦૮/૨૦૧૬ નાં રોજ ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે આશરે ૨૦૦૦ ચો.ફુટ માપવિસ્તારનાં સ્લેબ તથા ચણતરકામનું ડિમોલીશન કરી ૦૪–નંગ શટર જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી દરમ્યાન લિંબાયત ઝોનનાં ડે.ઈજનેરો, આસી./જુની.ઈજનેરો, આસી.ટાઉનપ્લાનર,દબાણ ખાતાનાં સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૨૦ બેલદારો તથા ખાનગી એજન્સીનાં ૪૦ માણસોની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારના વિભાગીય કચેરીમાં ફરજ બજાવતા સફાઈ કામદાર/અન્ય કામદારને મ્યુ.સભ્યશ્રીઓ સામાજીક આગેવાનો તેમજ સીનીયર સીટીઝનો દ્વારા સ્વયં મહાનગરપાલિકાના કર્મચારીઓને ફ્રેન્ડશીપ બેલ્ટ આપવા જણાવેલ હતું.

જે અંતર્ગત તા.૩૦/૦૭/૧૬ના રોજ મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય વિભાગીયની કચેરીઓમાં સભ્યશ્રી, સામાજીક આગેવાનો, સીનીયર સીટીઝન દ્વારા ફરજ પર હાજર રહેલ કર્મચારી/સફાઈકામદારોને સ્વયં કચેરીએ જઈ ફ્રેન્ડશીપ બેન્ડ આપી પ્રોતસાહીત કરવામાં આવ્યા હતા.

| ઝોન | ફ્રેન્ડશીપ ડે ઉજવણીમાં ભાગ લેનાર | | | | |
|---|---|---|---|---|---|
| | સ્થળની સંખ્યા | મ્યુ. સભ્યો/ આગેવાનોની સંખ્યા | સીનીયરની સંખ્યા | શાળા/કોલેજના શીક્ષક/વિધાર્થીઓની સંખ્યા | સફાઈ કામદારની સંખ્યા |
| વરાછાઝોન | 12 | 30 | 39 | 125 | 225 |
| ઉધનાઝોન | 12 | 9 | 27 | 45 | 198 |
| રાદેરઝોન | 11 | 21 | 42 | 54 | 201 |
| લિબાયતઝોન | 11 | 13 | 19 | 155 | 404 |
| સેન્ટ્રલઝોન | 19 | 7 | 15 | 25 | 500 |
| કતારગામઝોન | 12 | 8 | 70 | 70 | 150 |
| અઠવાઝોન | 10 | 6 | 40 | 35 | 495 |
| **ટોટલ** | **87** | **94** | **252** | **509** | **2173** |

વધુમાં સિનિયર સીટીઝન/આગેવાનો તેમજ નાગરીકોના સહયોગથી ફ્રેન્ડશીપ બેલ્ટ આપી વધુ સારી કામગીરી કરવા માટે પ્રોત્સાહીત કરી આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૮૭૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં આવેલ સીનીયર સીટીઝન માટે બનાવેલ સરકારી/ખાનગી કલબોના સભ્યો દ્વારા ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૯/૦૭/૧૬ના રોજ મહાનગરપાલિકા ઝોન વિસ્તારના આવેલ સરકારી/ખાનગી કલબોના સભ્યો તેમજ આરોગ્ય વિભાગની સયુકત ટીમો બનાવી કલબો તથા તેની આજુ બાજુ સફાઈ ઝુંબેશની કામગીરી કરવામાં આવેલ હતી.

ઉપરોકત ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશમાં શહેરી/ઝોન વિસ્તારમાં આવેલ સીનીયર સીટીઝન કલબો પૈકીની ૩૧ સરકારી/ખાનગી કલબના ૨૮૧ સીનીયર સીટીઝનોએ ભાગ લીધેલ, ૧૦૪ સફાઈ કામદાર, ૨૧ સુપરવાઈઝરની સીધી દેખરેખ હેઠળ સફાઈ કામગીરી કરાવી ૦.૭૩૧ મે.ટન કચરાનો નિકાલ કરાવ્યા બાદ ૩૪૯ જતુંનાશક દવાના છંટકાવની કામગીરી કરાવવામાં આવેલ હતી. તેમજ સીનીયર સીટીઝન તથા સ્થાનિક રહીશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**''સ્વચ્છ ભારત મિશન''** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૨/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૦૦૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૩૯૭ કરદાતાઓ પાસેથી રૂા.૩૪,૫૬,૩૫૩/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૧૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૭ એન્ટ્રીમાં રૂા.૧,૫૦,૭૪૦/– અને આર.સી.ની ૫૨ એન્ટ્રીમાં રૂા.૩,૬૯,૯૫૦/– મળી કુલ રૂા.૫,૨૦,૬૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– રીન્યુઅલની ૦૬ એન્ટ્રીમાં રૂા.૩૬૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૭ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૭૬૬૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : મગનનગર થી બાપા સીતારામ તથા દાવલશા થી સીંગણપોર ચાર રસ્તા દબાણ હટાવી ખુલ્લી લારી–૨૧, બંધ લારી–૦૩ તથા અન્ય–૧૧ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 880
તા.૦૩/૦૮/૨૦૧૬

૮૮૧

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૩.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૧૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૫ લોકેશન (ખાડા) ૩૪૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૮.૮૭** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૮ લોકેશન(ખાડા) **૨૭૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૮ લોકેશન, **૨૨૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૦૧, સબ પ્લોટ નં.૧૬૮ હરીનગર–૨ ખાતે **૪૦૦ ચો.ફુટ** ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– તથા ટી.પી.૦૨ (ઉધના) ફા.પ્લોટ નં.૦૧, સબ પ્લોટ નં.૧૭૫ હરીનગર–૨ ખાતે **૫૦૦ ચો.ફુટ** આર.સી.સી. તથા ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૬૩ (વડોદ), આર–૧૮ (સબ સેન્ટર રીઝર્વેશન) ખાતે **૭૦૦ ચો.ફુટ** મેશનરી તથા પતરાનું બાંધકામ દુર કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૮૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૦૩.૫૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૯.૭૫** લાખ થયેલ છે., **૧૦** EC તથા ૦૭ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૯૮૧**/– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.,૪૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૦.૦૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૨૫૦/**– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૦૯૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૧૮૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૯** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૨૪** કરવામાં આવેલ છે. જયારે **૬૦** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૨૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૩/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના), ફા.પ્લોટ નં.૦૧, સબ પ્લોટ નં.૧૬૮ હરીનગર—૨ ખાતે ૪૦૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/—, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૦૨ (ઉધના) ફા.પ્લોટ નં.૦૧, સબ પ્લોટ નં.૧૭૫ હરીનગર—૨ ખાતે ૫૦૦ ચો.ફુટ આર.સી.સી. તથા ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/—, ડીપોઝીટ પેટે રૂા.૧૦,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૩ (વડોદ), આર—૧૮ (સબ સેન્ટર રીઝર્વેશન) ખાતે ૭૦૦ ચો.ફુટ મેશનરી તથા પતરાનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

# **પ્રેસનોટ**

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્રારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબઈલ મેડીકલ ટીમો દ્રારાજુદા–જુદાવિસ્તારમાંજેવા કેરાંદેરમાં શાહભાગળ, EWS કવાર્ટસ ભાણકી સ્ટેડીયમ પાસે, મોરાભાગળ, અઠવામાં ઈન્દિરાનગર–ભટાર, વરાછામાં સ્વામી વિવેકાનંદ  ઝુપડપટ્ટી, SMCવર્કશોપ સામે, ખાડી મહોલ્લો, લંબેહનુમાન રોડ, લીબાયતમાં જવાહરનગર, શ્રીનાથનગર, (જુનુ ગાંધીનગર), મોમનાની ચાલ, જગનનાથનગર, ઉધનામાં મહાકાલીનગર રોડ નં.૧૩, લુહાર ફળીયુ રોડ નં.૧૫, વિકાસનગર રોડ નં.૧૦, ઈન્દીરા વસાહત, મોરારજી વસાહત.વિસ્તારમાં જઈ રેન્ડમસર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમાર૨૯૭કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૯૩૩૨ વસ્તી આવરી લઈ૫૦ કલોરીન ટેસ્ટ ૮પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે.૧૨૦૦૦ નંગ કલોરીન ટેબલેટ, ૮૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્રારાઆજદિન સુધી ૦૫ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૨ નાના કેમ્પો મળી કુલ ૩૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૭૧૪૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગપાલિકા આયોજીત વેશભૂષા સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રતિવર્ષ અલગ અલગ ઝોન વિસ્તારમાં કરવામાં આવે છે. જે અન્વયે ચાલુ વર્ષે સ્વાતંત્ર્ય દિનઃ૧૫મી ઓગષ્ટ–૨૦૧૬ની ઉજવણી અઠવા ઝોન વિસ્તારમાં થનાર છે. આ રાષ્ટ્રીય તહેવારની લોકોમાં પોતાનો તહેવાર હોય તેવી લાગણી ઊભી કરવા તથા લોકોમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા વેશભૂષા હરિફાઈ તા.૦૩/૦૮/૨૦૧૬ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ઉમરા કોમ્યુનિટી હોલ, ઈચ્છાનાથ, સુરત ખાતે યોજવામાં આવી હતી. પ્રાથમિક વિભાગમાં જ યોજાયેલ આ હરિફાઈમાં અઠવા ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ખાનગી પ્રાથમિક શાળાના ધો.૪ થી ૮ના ૪૦ જેટલા બાળકોએ રાષ્ટ્રીય નેતાઓ, ઐતિહાસિક પાત્રો, સ્વચ્છતા અને પર્યાવરણને લગતા વિષયો પર સંદેશાત્મક રજુઆત કરી સૌનાં મનમોહી લીધા હતાં. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ડ્રેનેજ કમિટિ ચેરમેનશ્રીમતી સુધાબેન નાહતા, મ્યુ.અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને નગરજનોએ વેશભૂષા હરિફાઈના સ્પર્ધકોને પ્રોત્સાહીત કર્યા હતા. સ્પર્ધાને અંતે પ્રથમ ક્રમે રૂ.સી.મા.પુણાવાલા સાર્વ. એકસપેરિમેન્ટલ સ્કૂલના પટેલ યશ્વી મનિષભાઈ(તાપી નદી), દ્વિતીય ક્રમે એસ.ડી.જૈન સ્કૂલના નિધિશ વખારીયા(ભગતસિંહ+બ્રિટીશ પોલીસ) અને તૃતીય ક્રમે ડૉ.પ્રેમલીલા વિ.ઠાકરશી કન્યા શાળા(ગુ.મા.) વનિતા વિશ્રામ સ્કૂલની ગોપીવાલા નેન્સી જતીનકુમાર જાહેર થયા હતા. વેશભૂષા હરિફાઈમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

તા.૦૪/૦૮/૨૦૧૬ને ગુરૂવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે અઠવા ઝોન વિસ્તારમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની દેશભકિતગીત સ્પર્ધા તથા બપોરે ૩.૦૦ કલાકે અઠવા ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્કુટિનીનું આયોજન ઉમરા કોમ્યુનિટી હોલ, એસ. કે. પાર્ક, ઉમરા ગામ રોડ, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ સામે, ઈચ્છાનાથ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા કાર્યક્રમને માંણવા જાહેર જનતાને નિમંત્રણ છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત તા.૩/૮/૨૦૧૬ના રોજ ઉમરા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ વેશભૂષા હરિફાઈના સ્પર્ધકો દ્રશ્યમાન છે.

૮૮૫

## પ્રેસનોટ

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી રાજયમાં 'મહિલા સશકિતકરણ પખવાડીયા'ની ઉજવણી કરવાનું નકકી કરવામાં આવેલ છે, જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા **"મહિલા નેતૃત્વ દિવસ"** તા.૩/૮/'૧૫ના રોજ સરદાર ખંડ ખાતે શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી, મંચસ્થ મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગ્ટય વિધિ સંપન્ન કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના પદાધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ વિગેરે હાજર રહયા હતા. આ પ્રસંગે આવકાર પ્રવચન આપતા **આસી.કમિશ્નર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા**એ યુસીડી વિભાગની કામગીરીની ઝાંખી કરાવી હતી.

સદર કાર્યક્રમની શરૂઆતમાં સ.ક.આ.પ્ર. અને સાં.સમિતિના અધ્યક્ષાશ્રી, **શ્રીમતી રૂપલબેન શાહે** કાર્યક્રમનો હેતુ સમજાવી તેની ઉપયોગીતા વિશે જણાવતાં કહયું કે, "તમામ મહિલા સદસ્યશ્રીઓ પોતાના વિસ્તારમાં સરકારશ્રીની તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા અમલીકૃત વિવિધ યોજનાનો લાભો વિસ્તારના તમામ પાત્ર લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી". આ પ્રસંગે **શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા**એ જણાવ્યું હતું કે, મહિલા સશકિતકરણ કાર્યક્રમ મહિલાઓના વિકાસ માટે મહત્વનો પુરવાર થયો છે. જેના થકી બહેનો સર્વાગીં વિકાસ થશે અને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મેળવશે.

**મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા**એ પ્રસંગોચિત ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, મા.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ બહેનોની ખુબ જ ચિંતા કરે છે, સતત ચિંતન કરી બહેનોની પડતી મુશ્કેલીઓને નિવારણ કરવા માટે આવા કાર્યક્રમોનું આયોજન કરે છે. જેથી છેવાડાના માનવીઓ પણ વિકાસથી વંચિત ન રહી જાય. રાજય સરકારશ્રી અને સુરત મહાનગરપાલિકા ધ્વારા ગત વર્ષે યોજાયેલ 'રાખી મેળા', 'નવરાત્રી મેળા', 'માટી મેળા' થકી બહેનોને સારી એવી રોજગારી મળી છે. ચાલુ વર્ષે પણ આ સખી મંડળની બહેનો માટે 'રાખી મેળા', 'નવરાત્રી મેળા', 'માટી મેળા'નું આયોજન કરવામાં આવનાર છે, જેમાં મ્યુ.સદસ્યશ્રીઓએ પોતાના વિસ્તારમાં રાખવા જોગ મેળાઓની વિગત આપવા જણાવેલ.

સદર કાર્યક્રમમાં ડેપ્યુટી મેયરશ્રી શંકરલાલ ચેવલી, શ્રીમતી સુધાબેન નાહતા, અધ્યક્ષાશ્રી, ડ્રેનેજ સમિતિ, શ્રીમતી રમીલાબેન પટેલ, અધ્યક્ષાશ્રી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ, શ્રીમતી રંજનબેન સરતાનપરા, અધ્યક્ષાશ્રી ગૃ.નિ.અને ઉધાન સમિતિ, તથા

ડો. એચ.ડી. દુધવાલા, મેડીકલ સુપ્રિ. એન્ડ ડાયરેટરશ્રી (મ.ધ.હો.) હાજર રહયા હતા.

આ ઉપરાંત સદર કાર્યક્રમમાં સરકારશ્રીની વિવિધ મહિલા અને બાળ વિકાસલક્ષી યોજનાઓની માહિતી યુસીડી વિભાગના પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી.પટેલ તેમજ કોપોરેશન પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી ડો.હર્ષિલ ધ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે યુસીડી વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઇઝરશ્રી એન.ડી.ડાભીએ આભારવિધિ કરી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુસીડી વિભાગના ઈન્વેસ્ટીગેટર શ્રીમતી કવિતાબેન દેસાઈએ કર્યુ હતું. સદર કાર્યક્રમને સફળ બનાવવામાં યુસીડી વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરશ્રી, કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો તથા વહીવટી સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.




સુરત મહાનગરપાલિકા દ્વારા "મહિલા નેતૃત્વ દિવસ" તા.૩/૮/'૧૫ના રોજ સરદાર ખંડ ખાતે શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી, આ કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવ દૃશ્યમાન થાય છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૧૨/૦૮/૧૬ના રોજ "ઈન્ટરનેશનલ યુથ ડે" નિમિત્તે તા.૦૧/૦૮/૧૬ થી તા.૧૫/૦૮/૧૬ દરમ્યાનના પ્રોગ્રામ અન્વયે તા.૦૩/૦૮/૧૬ના રોજ સામુહિક વૃક્ષારોપણની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૦૩/૦૮/૧૬ના રોજ મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં મહાનુભાવો, NGO, આરોગ્ય, ગાર્ડન વિભાગના સ્ટાફની સંયુકત ટીમો બનાવી તેઓ દ્વારા ઝોન વિસ્તારના જુદા જુદા સ્થળોએ સામુહિક વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | વૃક્ષા રોપણની કામગીરી ભાગ લેનાર | | | સામુહિક વૃક્ષા રોપણના સ્થળની સંખ્યા | સામુહિક વૃક્ષા રોપણની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | મ્યુ.સભ્યો/ NGOની સંખ્યા | આરોગ્ય, ગાર્ડન વિભાગના સ્ટાફ | વિધાર્થીઓ/NSS/NCCના કેડેટસની સંખ્યા | | |
| વરાછાઝોન | 5 | 7 | 71 | 7 | 62 |
| ઉધના ઝોન | 3 | 18 | 27 | 3 | 63 |
| રાદેરઝોન | 2 | 20 | 14 | 2 | 80 |
| લિબાયતઝોન | 2 | 2 | 8 | 2 | 100 |
| સેન્ટ્રલઝોન | 2 | 7 | 111 | 2 | 74 |
| કતારગામઝોન | 4 | 10 | 70 | 7 | 65 |
| અઠવાઝોન | 5 | 26 | 98 | 2 | 41 |
| **ટોટલ** | **23** | **90** | **399** | **25** | **485** |

વધુમાં મહાનુભાવો, NGO, આરોગ્ય, ગાર્ડન વિભાગના સ્ટાફની સંયુકત ટીમો બનાવી સામુહિક વૃક્ષારોપણની કામગીરી કર્યા બાદ હાજર રહેલ વિધાર્થીઓ/NSS/NCCના કેડેટસને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૫(પાંચ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૨૭ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો છઠ્ઠો મેડીકલ કેમ્પતા.૦૬/૦૮/૨૦૧૬ને શનિવારનાં રોજ ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, દેવી કૃપા સોસાયટી સામે, ધાબાનો વડ, ઉત્રાણ,સુરત. ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

## **'મહિલા સશકિતકરણ પખવાડિયા' અંતર્ગત તા.૦૨/૦૮/૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા આયોજિત 'બેટી બચાવો–બેટી પઢાઓ' સેમીનાર**

## **પ્રેસ નોટ**

ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રીની મહિલા સશકિતકરણની કટીબધ્ધતાને ભાગરૂપે તા.૦૧/૦૮/૨૦૧૬ થી તા.૧૪/૦૮/૨૦૧૬ સુધી 'મહિલા સશકિતકરણ પખવાડિયા' નું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલા છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૦૨/૦૮/૨૦૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાયન્સ સેન્ટર હોલ,સીટી લાઈટ રોડ,સુરત ખાતે બપોરના ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન ' બેટી બચાવો – બેટી પઢાઓ' અંતર્ગત એક સેમીનારનું આયોજન કરવામાં આવેલ.જેમા સુરત મહાનગરપાલિકાના અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી અનીલભાઈ બિસ્કીટવાલા,અધ્યક્ષશ્રી સાંસ્કુતિક સમિતિ શ્રીમતિ રૂપાબેન શાહ,અધ્યક્ષશ્રી ગટર સમિતિ શ્રીમતિ સુધાબેન નાહતા,સ્થાયી સમિતિ સભ્ય શ્રીમતિ કલ્પનાબેન અટોદરીયા,સુરત મહાનગરપાલિકાના મહિલા સદસ્યોશ્રી,એડવાઈઝર પબ્લીક હેલ્થ ડિપાર્ટમેન્ટ ડો.હોમી દુધવાલા,મેડીકલ ઓફીસર (વર્ગ–૧) ડો.અરૂણાબેન પટેલ,પ્રોજેકટ ઓફીસર આઈ.સી.ડી.એસ.ડો.એચ.કે.સોંધરવા,ડો.વીકાસબેન દેસાઈ,સામાજીક કાર્યકર્તા શ્રીમતિ ગીતાબેન શ્રોફ,બેટી બચાવો અભિયાન બ્રાન્ડ એમ્બેસેન્ડર કુ.ભાષા વાંધાણી,'સોલ મંત્રા' ડ્રામાના સભ્યો તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રી/કર્મચારીઓ હાજર રહેલ.

ઉપરોકત પરિસંવાદમાં 'દિકરી યોજના'(૧ દિકરી/૨ દિકરીઓ બાદ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ દંપતિ)ના લભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા પ્રશસ્તિ પત્ર આપી સન્માનીત કરવામા આવેલ. અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી અનીલભાઈ બિસ્કીટવાલાએ 'બેટી બચાવો – બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત સમાજમાં બેટીના મહત્વ અને નેતૃત્વ કરવાની સમતા વિશે સંદેશ આપેલ હતો. અધ્યક્ષશ્રી સાંસ્કુતિક સમિતિ શ્રીમતિ રૂપાબેન શાહ ધ્વારા કુટુંબ,સમાજમાં દિકરીઓના યોગદાન અંગે માર્ગદર્શન અને સવિસ્તાર સમજુતી આપવામાં આવી હતી.સામાજીક કાર્યકર્તા શ્રીમતિ ગીતાબેન શ્રોફ ધ્વારા 'દિકરી મારો અંશ એ જ પણ મારો વંશ' વિષય ધ્વારા દિકરીનું મહત્વ સમજાવી ઉપસ્થિત મહિલા ગણને સુંદર સંદેશ આપ્યો હતો.ડો.વીકાસબેન દેસાઈ ધ્વારા પી.સી.પી.એન.ડી.ટી. એકટ/ગર્ભપાત બાબતે વિસ્તZત સમજણ આપી હતી.'સોલ મંત્રા' ડ્રામાંના સભ્યો ધ્વારા 'બેટી બચાવો – બેટી પઢાઓ' વિષય અંતર્ગત લઘુ નાટીકા પ્રસ્તુત કરી ઉપસ્થિત તમામ મહિલા તથા પુરુષોને દિકરીના સપનાઓ તથા સમાજમાં દિકરીના મહત્વ વિશે સુંદર સંદેશ આપેલ હતો.સમારંભના અંતમાં ઉપસ્થિત સૌએ 'સ્ત્રી–ભ્રૂણ હત્યા ન કરવા' માટે સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી.



"મહિલા સશક્તિકરણ પખવાડિયા" કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨.૦૮.૨૦૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાયન્સ સેન્ટર હોલ,સીટી લાઈટ રોડ,સુરત ખાતે "બેટી બચાવો – બેટી પઢાવો" અંતર્ગત એક સેમીનારનુ આયોજન કરવામાં આવેલ.જેનું ઉદઘાટન કરતા અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી [illegible] ભાઈ બિસ્કીટવાલા,અધ્યક્ષશ્રી સાંસ્કૃતિક સમિતિ શ્રીમતિ રૂપાબેન શાહ,અધ્યક્ષશ્રી ગટર સમિતિ શ્રીમતિ સુધાબેન નાહટા,સ્થાયી સમિતિ સભ્ય શ્રીમતિ કલ્પનાબેન અઠોદરીયા,સુરત મહાનગરપાલિકાના મહિલા સદસ્યશ્રી,એડવાઈઝર પબ્લીક હેલ્થ ડિપાર્ટમેન્ટ ડૉ.હામી દુધવાલા,મેડીકલ ઓફીસર (વર્ગ-૧) ડૉ.અરૂણાબેન પટેલ,પ્રોજેક્ટ ઓફીસર આઈ.સી.ડી.એસ.ડૉ.એચ.કે.સોપરા તથા ડૉ.દીપ્તિબેન દેસાઈ,બેટી બચાવો અભિયાન બ્રાન્ડ એમ્બેસેડર કુ.ભાષા ચાંચાણી તથા અન્ય મહાનુભાવો.

CC PRO- Expression

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૨૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૯૦૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૧૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૨૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૨૬૬ કરદાતાઓ પાસેથી રૂા.૩૩,૫૨,૦૩૯/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૯૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૨ એન્ટ્રીમાં રૂા.૧,૦૪,૬૦૦/– અને આર.સી.ની ૪૬ એન્ટ્રીમાં રૂા.૨,૫૫,૧૪૧/– મળી કુલ રૂા.૩,૫૯,૭૪૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૬ એન્ટ્રીમાં રૂા.૮૪૦/– રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૫૪૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૧૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૫૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : અલ્કાપુરી બ્રીજ પાસે ખુલ્લા પ્લોટમાંથી ઝુંપડાના પતરાનો શેડ કાઢવાની કામગીરી, સીંગણપોર ચાર રસ્તાથી અક્ષરદીપ સોસા., ડભોલી ચાર રસ્તા તથા સીંગણપોર ચાર રસ્તાથી સીંગણપોર શાક માર્કેટ સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી–૨૧ તથા અન્ય–૪૨ જપ્ત કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારમાંજેવા કે સેન્ટ્રલ ઝોનમાં ઝાલાવાડનો ટેકરો, તથા આજુ બાજુનો વિસ્તાર, અઠવા ઝોનમાં રસુલાબાદ તથા આજુ–બાજુનો વિસ્તાર, વરાછા ઝોનમાં ખાડી મહોલ્લો, ટાંકણી ફળિયુ, બોમ્બે માર્કેટ, ગુલાબ રાયની ચાલ.,લીંબાયત ઝોનમાં નહેરૂનગર, સલીમનગર, ચીમની ટેકરો જુના ડેપો, શ્રમજીવી વસાહત, આશાનગર,ઉધનાઝોનમાં મીરાનગર, કોળીવાડ, હેગડે–વાર, વિજયાનગર, પંચશીલનગર, વિકાસ કોલોની ટીવી કમ્પાઉન્ડ રોડ, અશોકસમ્રાટ ટીવી કમ્પાઉન્ડ રોડ, રાંમદેવનગર, મસ્તાનગર રોડ નં.૧૨ વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમા ૨૫૫૦ કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૧૧૬૦૫ વસ્તી આવરી લઈ૩૨કલોરીન ટેસ્ટ ૪પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે ૧૨૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૫ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૨ નાના કેમ્પો મળી કુલ ૩૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૭૦૩૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>વોર્ડ નં.૯, નોંધ નં.૯૫૩, સુરત નાગર બંધારા જ્ઞાતી પંચની વાડી, ગર્લ્સ સ્કૂલ પાછળ, બાલાજી રોડ,સુરત ખાતે આવેલ બિસ્માર મિલ્કત ઉતારી પાડવાની વિગત :–</u>

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોનની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં વિસ્તારમાં વોર્ડ નં.૯, નોંધ નં.૯૫૩, સુરત નાગર બંધારા પંચની વાડી, ગર્લ્સ સ્કૂલ પાછળ, બાલાજી રોડ, સુરતમાં આવેલ મિલ્કત વર્ષો જુની ગ્રા.ફલોર + એક માળની લાકડાનાં પેઢ ીયા તથા પાટીયાવાળી મિલ્કતનો પશ્ચિમ દિશા તરફનો ભોંયતળીયા તથા પહેલા માળનો અમલો તૂટી પડેલ, જે અન્વયે અત્રેથી મિલ્કતનાં હિતભરાવનારાઓને મકાન પડવા સરખાની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ તેઓ ધ્વારા કરવામાં ન આવતા સદરહું મિલ્કતને લાગુ ગલીના ભાગથી ગર્લ્સ સ્કૂલના વિધાર્થીઓની તથા જાહેર જનતાની અવર–જવર હોય જાહેર સલામતીને ધ્યાને લેતા આજે તા.૦૪/૦૮/૧૬ ના રોજ અત્રેથી સદરહું મિલ્કતનો બિસ્માર ભાગ ઉતારી પાડવામાં આવેલ છે. વધુમાં, વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં મોજે ગભેણી, બ્લોક નં.૨૨૦, સર્વે નં.૨૧૯/૧, પ્લોટ નં.૧,૨,૩, શિવશકિત નગર ખાતે ૩૦૦ ચો.ફુટ શટર તથા ૧૦૮૦ ચો.ફુટ ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૬૩ (વડોદ) ફા.પ્લોટ નં.૭૭, પ્લોટ નં.૧૮, ૧૯, જમનાબા ઈન્ડ. ખાતે ૨૮૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ નું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૪.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૧ લોકેશન (ખાડા) ૫૨૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૪.૯૩** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–૯ લોકેશન(ખાડા) **૩૦૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૫૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં મોજે ગભેણી, બ્લોક નં.૨૨૦, સર્વે નં.૨૧૯/૧, પ્લોટ નં.૧,૨,૩, શિવશકિત નગર ખાતે **૩૦૦ ચો.ફુટ** શટર તથા **૧૦૮૦ ચો.ફુટ** ચણતરનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧૫,૦૦૦/– તથા ટી.પી.૬૩ (વડોદ) ફા.પ્લોટ નં.૭૭, પ્લોટ નં.૧૮, ૧૯, જમનાબા ઈન્ડ. ખાતે **૨૮૦ ચો.ફુટ** આર.સી.સી. સ્લેબ નું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૩** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૬૨** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૦૫.૪૧** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૨૬** લાખ થયેલ છે., **૦૫** EC તથા **૦૫** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭૧૯/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,૧૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૩૯.૯૭૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૬૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૨૨૭૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૩૫૦૮૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૨૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૪૦** કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૮૯૪

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન(રાંદેર)
# પ્રેસનોટ

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં તા.૦૨/૦૮/૨૦૧૬ના રોજ ઝુપડાંનું દબાણ દૂર કરવામાં આવેલ છે. જેની વિગત આ મુજબ છે.

– ટી.પી.સ્કીમ નં.૮(પાલનપોર), એફ.પી.નં.૧૩૧, (S.E.W.S.) માં પાલનપોર કેનાલ રોડ પર અંબિકા નગરની

બાજુમાં આશરે–૩૨ જેટલાં ઝુપડાંઓનું આશરે–૨૮૦૦.૦૦ ચો.ફૂટ જેટલું દબાણ દૂર કરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન (રાંદેર) ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

૮૯૫

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન(રાંદેર)
# **પ્રેસનોટ**

આજરોજ પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં જુદાં જુદાં સ્થળો પરથી દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં જીલાની કોમ્પલેક્ષની બાજુમાં "નુરે ઈલાહી" વાળા રસ્તા પર બંધ હાલતમાં પડી રહેલ ૩ નંગ લારીઓ અત્રે સોસાયટીના રહીશો તરફથી ફરીયાદના પગલે જમા કરવામાં આવેલ છે. તથા પ્રાઈમ આર્કેડની આજુબાજુના વિસ્તારમાં "ગોલ્ડન પાર્ક", "સમરતકુંજ એપાર્ટમેન્ટ" તથા "ટર્નીંગ પોઈન્ટ એપાર્ટમેન્ટ" વાળી મિલ્કતના માર્જીન / પાર્કિંગ / ફુટપાથ પર ખાણી–પીણીના દુકાનદારો દ્વારા ટેબલો / ખુરશી / કાઉન્ટર / લારી ગલ્લા વગેરે દબાણ કરવામાં આવતું હોવાથી અત્રેથી સદર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેનાં ભાગરૂપે ૧૧ લારીઓ, ટેબલ નંગ–૬, ખુરશી નંગ–૧૫, બોર્ડ/બેનર નંગ–૬, કોલ્ડ્રીંગ્સના કેરેટ નંગ–૧૪ સહિતના દબાણો હટાવવામાં આવેલ. તેમજ દુકાનદારો દ્વારા માર્જીન / પાર્કિંગમાં બનાવવામાં આવેલ ટેમ્પરી શેડ દૂર કરી આશરે ૭૦૦ ચો. ફુટ પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

પ્રેસ નોટ

.......................

**માહે જુલાઈ ૨૦૧૬ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૧૬ દરમ્યાન ૫૦૪૬ ઈન્ડોર તથા ૫૩૦૪૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૧૪૦ તથા ૬૭૩ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૮૪૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૧૦૬૯ અને જુના ૧૩૮૮ દર્દીઓ સહીત કુલ ૨૪૫૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૪૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૧૯ તથા આંખ વિભાગમાં ૨૭૭૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૯૨૯૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# સ્મીમેર

# પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૯/૦૭/૨૦૧૬ થી તા.૦૪/૦૮/૨૦૧૬ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૧૮૭૬ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી.૧૨૩૩ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૩૯૭ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૬ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૦૫ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૫૩ મેજર ઓપરેશનો તથા ૩૯૧ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૫૯૬, સોનોગ્રાફી ૭૩૮, એમ.આર.આઈ. ૧૨૧ તથા સીટી સ્કેન ૯૩ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૪૨ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૪૦૬ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૨૭૦૭૩ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૩૧૪ દર્દીઓ તથા નવા ૧૫૬ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા**

**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૯/૦૭/૨૦૧૬ થી તા.૦૪/૦૮/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૫૩,૭૫૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૬,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૪૩.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૦.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા ચોમાસાની ઋતુ હોય સુરત શહેરના જુદા જુદા વિસ્તારો કાપોદ્રા, પુણા અને સરથાણા વિસ્તારમાં રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરોનો ત્રાસ વધુ પ્રમાણમાં હોય ધ્યાને રાખી રખડતા ઢોરોના ત્રાસ વિરૂધ્ધ એક આયોજન બધ્ધ રીતે તા.૦૧/૦૮/૧૬ થી તા.૦૬/૦૮/૧૬ દરમ્યાન ઝુંબેશ શરૂ કરવામાં આવેલ દરમ્યાન તેમાં તા.૪/૮/૧૬ સુધી ઢોરો નંગ–૧૧૪ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૮૪,૩૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૧૩ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૧,૩૩૦ અને ૫,૪૬૯ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૫૫,૭૫૦/– અને રૂા.૨,૦૦,૭૬૦/– રકમ મળી કુલ રકમ રૂા.૩,૫૬,૫૧૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

સમાચારયાદી નં. ૪૧૪
તા. ૦૫/૦૮/૨૦૧૬
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫૦૦/— વસુલ લેવામાં આવેલ છે. ૪૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૨૦૬૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૯૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૨૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૮૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૨૧૦ કરદાતાઓ પાસેથી રૂા.૩૬,૫૭,૦૯૦/— નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૨૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૪ એન્ટ્રીમાં રૂા.૧,૫૫,૫૦૦/— અને આર.સી.ની ૫૪ એન્ટ્રીમાં રૂા.૨,૭૪,૦૬૦/— મળી કુલ રૂા.૪,૨૯,૫૬૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૪૨૦/— રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૯૬૦/— અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૨૪૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩૯૮૦૦/— ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા અમરોલી ચાર રસ્તા થી ગામતળ તથા મજુરા ગેટ ટ્રાફિક ડેપોમાંથી બેરીકેટીંગ (ગ્રીલ) અમરોલી માનસરોવર પાસે કામગીરી કરાવી દબાણ હટાવી ખુલ્લી લારી—૧૫ તથા અન્ય—૫૦ જપ્ત કરવામાં આવેલ છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૨/૦૮/ ૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોનના પુણા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં.૧૧(પુણા), બ્લોક નં.૫૬૦, ફા.પ્લોટ નં.૨૩ પૈકીમાં આવેલ બુટભવાની એપાર્ટમેન્ટ વિભાગ–'ઈ' માં બીજા માળ પર આશરે ૬૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં પરવાનગી વગરનું આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ તથા ચણતર સહિતનું બાંધકામ અત્રેથી તોડીને દુર કરવામાં આવ્યુ.

ઉપરોકત કામગીરી હેઠળ અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શનથી ડે.ઈજનેરશ્રી, સિકયુરીટી સ્ટાફ, શહેરી વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ

# પ્રેસ નોટ

સુરત શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટે અને તેઓની તંદુરસ્તીમાં વધારો થાય તે હેતુથી સુરત શહેરની ૧૦૦૪ આંગણવાડી કેન્દ્રો ખાતે આવતા ૨૫૧૦૦ બાળકોને અઠવાડીયામાં છ દિવસ ગરમ પૂરક પોષણ આહાર અક્ષયપાત્ર સંસ્થા ધ્વારા આપવા સુરત મહાનગરપાલિકાએ આજ રોજ શુભારંભ કાર્યક્રમ આંગણવાડી કેન્દ્ર નં.NZ-100 કોસાડ આવાસ એચ ૧ બ્લોક ખાતે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાની અધ્યક્ષતા હેઠળ રાખવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવોમાં હાજર રહેલ મા.સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈ, મા.ડે.મેયરશ્રી દયાશંકર સિંહ, મા.કમિશ્નરશ્રી એમ. કે. દાસ, મા.સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી ઉર્વશીબેન રામમાળી, સ્થાનિક મ્યુ.કોર્પોરેટરશ્રી ધનજીભાઈ ચાવડા, શ્રી વિજયભાઈ પટેલ, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિ.) આર. જે. પટેલ, એડીશનલ સીટી ઈજનેરશ્રી ભરતભાઈ દલાલ તથા આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ હાજર રહી પ્રસંગને દિપાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત આંગણવાડી બહેનો ધ્વારા પ્રાર્થનાથી કરવામાં આવેલ. ત્યાર બાદ સ્વાગત પ્રવચન ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિ.) આર. જે. પટેલે કર્યુ હતુ. તેમણે સરકારશ્રી તથા મહાનગરપાલિકા ધ્વારા કુપોષણ નાબૂદી માટેની ઝુંબેશમાં લોકોને સાથ–સહકાર આપવા જણાવેલ. મા.સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા માળખાકીય સુવિધાઓ પુરી પાડવાની સાથોસાથ ગરીબ વર્ગના નાના બાળકોનું પણ ચિંતન કરી રહી છે. અને એટલે જ સરકાર ધ્વારા આંગણવાડીમાં જમવાના એક બાળકના રૂા.૧.૩૦ આપવા ઉપરાંત મહાનગરપાલિકા બાળક દિઠ દૈનિક રૂા.૧.૭૫ ખર્ચ કરવાની છે. આમ કુલ રૂા.૩.૦૫ એક બાળક દિઠ દૈનિક ખર્ચ પૂરક–પોષણ માટે સુરત મહાનગરપાલિકા કરવાની છે.

મા.કમિશ્નરશ્રીએ જણાવ્યું કે આંગણવાડીના બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સુરત શહેરમાં પુરતો પૂરક ષોષણ આહાર મળી રહેવો જોઈએ, બાળકોનું સચોટ વજન થાય તે માટે ૧૦૫૦ ડીજીટલ વજનકાંટા રૂા.૧.૪૫ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકા પોતાના સ્વભંડોળમાંથી ખરીદવાની છે તેમજ આ વર્ષે ૩૦૦ આંગણવાડીના પાકા મકાન બનાવવાનો લક્ષ સુરત મહાનગરપાલિકા ધ્વારા રાખવામાં આવેલ છે. આમ સુરત મહાનગરપાલિકા તેના તમામ પ્રયાસો ગરીબ વર્ગમાંથી આવતા આ બાળકોના વિકાસ માટે કરી રહી છે. તેમણે આંગણવાડી કેન્દ્રો ખાતે વધુમાં વધુ બાળકો આવે અને આંગણવાડીની સેવાઓનો લાભ લે તે તકેદારી લેવા આંગણવાડી કાર્યકર બહેનોને જણાવ્યું.

મા. મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવેલ કે બાળકો તેમના માતા–પિતાના છત્રછાયામાંથી બહાર આવ્યા બાદ સૌ પ્રથમ આંગણવાડી કેન્દ્રોમાં પગ મુકતા હોય છે. ત્યારે કાર્યકર બહેનોએ તેમના માતા–પિતા બની આ બાળકોને પોતાના હોય એ રીતે તેમની કાળજી અને દરકાર લેવાની છે. સુરત

મહાનગરપાલિકા ધ્વારા ગરીબ વર્ગના બાળકોને પૂરક–પોષણ આહાર આપી તેમજ આંગણવાડીના મકાનો બનાવી લેવામાં આવતી કાળજીની પ્રશંસા કરી હતી.

અક્ષયપાત્ર સંસ્થાના પ્રતિનિધિશ્રી ભાગ્યવાન શેટ્ટીએ જણાવ્યું કે અક્ષયપાત્ર સંસ્થા દેશના ૧૭ રાજયોમાં કાર્યરત છે. ગુજરાતમાં ગાંધીનગર વડોદરા સુરત ખાતે આ સંસ્થા કાર્યરત છે. હાલ સુરત શહેરની નગર પ્રાથમિક શાળાઓમાં ભણતા ૭૫૦૦૦ બાળકોને નાસ્તો પૂરો પાડી રહયા છીએ ત્યારે આ શહેરના વધુ ૨૫૦૦૦ બાળકોને આહાર આપવાનું સદભાગ્ય તેમને સાંપડયુ હોવાનું જણાવ્યું.

અંતમાં ડે.મેયરશ્રી દયાશંકર સિંહે સૌ મહાનુભાવો કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો તે બદલ આભાર માન્યો.



૯૦૨

વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી નિમિત્તે તા. ૦૩/૦૮/૨૦૧૬ ના રોજ ગોપીતળાવ વિસ્તારની આંગણવાડીઓના ૯૦ સગર્ભા અને ધાત્રીબહેનો માટે સ્તનપાન સંબંધિત સેમિનાર રૂસ્તમપુરા કમ્યુનિટી હોલ ખાતે કરવામાં આવ્યું. જેમાં મેડીકલ ઓફીસરશ્રી, કડીવાલા બુનકી મેટરનીટી હોમ, ડો. પરસીસબેન દૂધવાલા દ્વારા સ્તનપાનના ફાયદા, બોટલ ફીડીંગના ગેરફાયદા અને યોગ્ય સમયે ઉપરી આહારની શરૂઆત તથા સ્તનપાન સંબંધી ગેરમાન્યતાઓ દૂર કરવા માટે સંપરામર્શ દ્વારા માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યું.

મેડીકલ ઓફીસરશ્રી આઈ.સી.ડી.એસ. ડો. એચ. કે. સોંધરવા દ્વારા સ્તનપાન વિષયક વિડીયો ફિલ્મનું નિદર્શન કરી સ્તનપાનની સાચી રીત અંગે વકતવ્ય દ્વારા સમજણ આપવામાં આવી. હાજર રહેલ સગર્ભા અને ધાત્રી બહેનોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું.

ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમનું આયોજન મેડીકલ ઓફિસરશ્રી ડો. એચ. કે. સોંધરવા દ્વારા કરવામાં આવ્યું. અને સંચાલન તથા આભારવિધિ સી.ડી.પી.ઓ. શ્રીમતિ કૈલાશબેન એન. પટેલ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવામાં આઈ.સી.ડી.એસ. ઘટક-૧ ના તમામ કર્મચારીઓનો ફાળો હતો.





# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૫/૦૮/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨ (ઉધના), ફા.પ્લોટ નં.૯૧, સબ પ્લોટ નં.૧૩૫, ૧૩૬,૧૩૭, સોનલ ઈન્ડ.–૧ માં આશરે ૪૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા ચણતર સહિતનું બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૭૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨૧ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૪૦, પ્લોટ નં. ૯૨, ૯૩, ૯૪  ગુરૂકૃપા ઈન્ડ.માં ૫૦૦ ચો.ફુટ ચણતર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા બાકીની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબઈલ મેડીકલ ટીમો દ્વારા જુદા–જુદાવિસ્તારમાંજેવા કે અઠવા ઝોનમાં આઝાદનગર તથા આજુબાજુનો વિસ્તાર, તડકેશ્વરનગર–ભટાર, લીંબાયત ઝોનમાં ચેતનનગર, ઠાકોરનગર, હળપતિવાસ,પદમાનગર, રાજીવનગર, આંનદનગર–સહરાદરવાજા, ઉધના ઝોનમાં પ્રભુનગર, ઠાકોરનગર, હરીજનવાસ, ખત્રીનગર રોડ નં.૦, નહેરૂનગર રોડ નં.૪ વિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમા ૨૫૫૯ કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૯૬૮૮ વસ્તી આવરી લઈ૪૮કલોરીન ટેસ્ટ ૧૦પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે ૧૫૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા આજદિન સુધી ૦૫ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૨ નાના કેમ્પો મળી કુલ ૩૭કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૭૦૩૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે તારીખ ૯ થી ૨૧ ઓગષ્ટ, ૨૦૧૬ દરમ્યાન ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં ધ્વજનો ઉદ્ભવ અને ઈતિહાસ, ભારતના રાષ્ટ્ર ધ્વજની ક્રમાનુસાર વિકાસગાથા, ભારતના રાષ્ટ્રીય પ્રતિકોના ફોટોગ્રાફસ દ્વારા વિસ્તૃત માહિતી દર્શાવી છે તેમજ A થી Z ક્રમમાં ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, ચાઈના, ઈજિપ્તથી લઈને ઝાંબિયા સુધીના દેશોના રાષ્ટ્રધ્વજ, નકશા તેમજ દેશની વિગતો જેવી કે રાજધાની, ચલણ, ભાષા, વસ્તી જેવી માહિતી તથા ૧૧ જેટલા દેશોના મૂળ ધ્વજની પ્રતિકૃતિ પ્રદર્શિત કરવામાં આવશે. સદર પ્રદર્શન સાયન્સ સેન્ટરના મુલાકાતીઓ તારીખ ૯ થી ૨૧ ઓગષ્ટ, ૨૦૧૬ સુધી નિહાળી શકશે.

## <u>પ્રદર્શનનો સમય</u>

તા. ૯ થી ૧૨,૧૬,૧૯ના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી

તા.૧૩,૧૪,૧૭, ૨૦ અને ૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૭:૦૦ સુધી

તા.૧૫ તથા ૧૮ ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૬/૦૮/ ૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ ડિમોલીશનની કામગીરી.

પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં તા.૦૫/૦૮/૨૦૧૬ તથા તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ નીચે મુજબની ડિમોલીશનની કામગીરી કરવામાં આવી હતી.

(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા), ફા.પ્લોટ નં.૧૪૮/બી માં આવેલ ગાળા નં.૧૯૧ માં બીજા માળે કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામમાં ૧૨૦.૦૦ ચો.ફુટ જેટલો આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ છે તથા મિલકતદાર પાસેથી રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા), બ્લોક નં.૨૯૮, ફા.પ્લોટ નં. ૯૯/એ પૈકીમાં આવેલ દેવીકૃપા સોસાયટીના ગાળા નં.૧૨૬,૧૨૭,૧૨૮ માં ત્રીજા માળે આશરે ૪૪૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સ્લેબ ભરવાના ઈરાદે કરવામાં આવેલ શટરીંગ/સેન્ટરીંગ દુર કરવામાં આવેલ છે તેમજ બીજા માળે કોમર્શીયલ હેતુ માટે દુકાનો બનાવવાના ઈરાદે ફીટ કરવામાં આવેલ ૨(બે) શટર ખોલી નાંખી જમા લેવામાં આવેલછે. આ કામગીરીમાં ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૩) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૫(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૧૬૫ માં SEWS ના હેતુ માટે રિઝર્વ રાખવામાં આવેલ પ્લોટમાંથી ૧૫ જેટલા ઝુંપડાઓનું દબાણ દુર કરી આશરે ૧૦૦૦.૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરી કબજો મેળવવામાં આવેલ છે.

ઉકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ) ની સૂચના થી અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રી, શહેરી વિકાસ વિભાગ, દબાણના સ્ટાફ તથા સિકયુરીટી સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ.

# <u>પ્રેસનોટ</u>

ચોમાસાની ઋતુમાં પાણી જન્ય તથા પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધવાની શકયતા હોય જેને કારણે સુરત મહાનગપાલિકાનાં આરોગ્યવિભાગદ્વારા ૦૬ રૂટીન મોબાઈલ મેડીકલ ટીમો તથા ૦૬ વધારાની મોબાઈલ ટીમો મળી કુલ ૧૨ મોબાઈલ મેડીકલ ટીમો શરૂ કરવામાં આવેલ છે.

મોબઈલ મેડીકલ ટીમો દ્વારાજુદા–જુદાવિસ્તારમાંજેવા કે અઠવા ઝોનમાં આઝાદનગર તથા આજુબાજુનો વિસ્તાર, સેન્ટ્રલ ઝોનમાં મુસીબત પુરા, ખાન સાહેબનું ભાડુ–ધાસ્તીપુરા, લીબાયત ઝોનમાં ખ્વાજાનગર–માનદરવાજા, ઉમીયાનગર–ભાઠેના,ઉધનાઝોનમાં સિધ્ધાર્થનગર–ભેસ્તાન, બાબાસાહેબ આંબેડકરનગર રોડ નં.૭, કિશોરભાઈની ચાલનાંવિસ્તારમાં જઈ રેન્ડમ સર્વેલન્સ તથા આઈઈસી વિગેરેની કામગીરી કરવામાં આવી છે.

ઉપરોકત વિસ્તારમાર૦૧૮કુટુબનું રેન્ડમ સર્વેલન્સ કરી ૭૯૯૬ વસ્તી આવરી લઈ૩૦ કલોરીન ટેસ્ટ ૦૪પાણીનાં બેકટેરીયોલોજીકલ ટેસ્ટ માટેનાં સેમ્પલ લેવામાં આવેલ છે ૧૩૦૦૦નંગ કલોરીન ટેબલેટ, ૫૦૦ જુદા–જુદા રોગ સબંધી પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ છે. રેન્ડમ સર્વેલન્સ દરમ્યાન કોઈ ચોકકસ એરીયામાં કોઈ પણ ચોકકસ રોગનાં વધારે પ્રમાણમાં કેસ મળી આવેલ ન હતા.

તદ ઉપરાંત આ ઋતુ દરમ્યાનઆરોગ્યવિભાગદ્વારાઆજદિન સુધી ૦૬ મેગા મેડીકલ કેમ્પ તથા ૩૨ નાના કેમ્પો મળી કુલ ૩૮કેમ્પો કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૭૫૧૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, દેવી કૃપા સોસાયટી સામે, ધાબાનો વડ, ઉત્રાણ, સુરત. ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગમાં રૂગ્ણાલય સમિતિનાં ચેરમેન ડો.રમણ પરમાર, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિનાં ચેરપર્સન શ્રીમતી રંજનબેન સરતાનપરા(પ્રજાપતી), મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિનાં ચેરપર્સન શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, એડવાઈઝર ડો.એચ.ડી.દુધવાલા, મ્યુ. સદસ્યશ્રી શ્રી જયંતીભાઈ ભંડેરી, શ્રી દેવજીભાઈ ગોયાણી, શ્રીમતી ગીતાબેન સોસા કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી.વસાવા, નાયબ આરોગ્ય અધિકારી (નોર્થ ઝોન) ડો.પી.એચ.ઉમરીગર, આસી.જંતુનાશક અધિકારીશ્રી (નોર્થ ઝોન) આર.બી.આહીર તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ઉત્રાણ અને કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.**

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૪૭૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૪૨, સર્જન દ્વારા ૧૯, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૩૯, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૨૬, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૦૮, આંખના નિષ્ણાંત દ્વારા ૧૧૯, મેડીકલ ઓફીસર દ્વારા ૨૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૦ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ.૧૯૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૭૫ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની જુદી–જુદી આરોગ્ય લક્ષી યોજનાઓની જાણકારી આપી હતી. જુદા–જુદા રોગ અંગેની ૩૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ–૫૫, ઓરલ પીલ્સ–૦૭ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ–૧૧૪૦ ટેબ્લેટ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને ડી.પી.ટી.ની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u> આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૧૫/૦૮/૧૬ને સોમવારે ધ્વજવંદનના સ્થળે– એસ.એમ.પાર્ટી પ્લોટ(અઠવા પાર્ટી પ્લોટ), ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**




તા.૦૬/૦૮/૧૬ શનિવારના રોજ ઉત્રાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, દેવી કૃપા સોસાયટી સામે, ધાબાનો વડ, ઉત્રાણ, સુરત.ખાતે દિપ પ્રાગટ્ય કરી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરતા રૂગ્ણાલય સમિતિનાં ચેરમેન ડો.રમણ પરમાર, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિનાં ચેરપર્સન શ્રીમતી રંજનબેન સરતાનપરા(પ્રજાપતી), મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિનાં ચેરપર્સન શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, એડવાઈઝર ડો.એચ.ડી.દુધવાલા, મ્યુ. સદસ્યશ્રી શ્રી જયંતીભાઈ ભંડેરી, કાર્યપાલક ઈજનેરશ્રી સી.બી.વસાવા, નાયબ આરોગ્ય અધિકારી (નોર્થ ઝોન) ડો.પી.એચ.ઉમરીગર દરયમાન છે.

# ડ્રાય ડે

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૦૬/૦૮/૧૬</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં મુસીબતપુરા,કુવાવાળી ગલી,મલીકા,જમાલશા મહોલ્લો,મદરશાબાવા અને હલીમશા બાવાનો ટેકરો જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં ખોડીયારનગર એસ.એમ.સી ક્વાર્ટસ,મહાદેવનગર ઝુંપડપટ્ટી,ઈ.ડબ્લ્યુ.આવાસ સરસ્વતી સ્કુલ પાસે,પ્રશાંત સોસાયટી–૦૧,૦૨,તાજ સરિતા ,ગ્રીન પાર્ક જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં પંચશીલનગર, સંજયનગર રોડ નં.૦,ઉમીદનગર, સુડા આવાસ, રામેશ્વર નગર,આશિયાનગર,શ્રીરામનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં પ્રતાપનગર, કાંતિનગર, નુરાનીનગર,ચીમની ટેકરા, ગાંધીનગર,કોડીયાવાડ,હળપતિવાસ ચેતનનગર,ડી.કે.નગર, જલારામનગર,સહજાનંદ સોસાયટી જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં ફ્લોરલપાર્ક ઝુંપડા આજુબાજુ,યુ.પી.નગર,ડો.આંબેડકરનગર વેસુ,રસુલાબાદ, અલથાણ હળપતિવાસ, આનંદપાર્ક, ગુ.હા.બોર્ડ. જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં ફુલવાડી ઝુપડપટ્ટી,આંબાતલાવડી, શીવનગર, શંકરનગર, નંદનવન સો.,ખડી મોહલ્લો,ગીતા નગર,ફુલપાડા ગામતળ,જલારામનગર ગુ.હા.બો.,એચ–૨ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ખારવાચાલ, ધોબી ખાડી, નરસિંહ મંદિર,જમાલ ચાચાની ચાલ, ઉધરસ મિયાની વાડી,રૂપાલી સો–૧, અટલજીનગર, નવો મહોલ્લો, દિનદયાળ ઝું., શ્રી રામનગર ઝું, ખડી ફળિયું, ગિરનાર સોસા.,પાલીહિલ,પનવેલ,જય ભવાની,ફીરાપ્ટ ટા.શ્રી.,મુક્તિધામ સો., વિક્રમનગર–૪ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૬૯૯૯ | ૧૦૭૦૮૨ | ૪૭૭ | ૧૫૫૭૨ | ૧૪૯૭ | ૨૨૮૫ | ૧૮૪ | ૬૪૩૫૦ | ૧૦૯ | ૪૭૪૯૯ | ૨૦૫૮૪ |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 909 : 1[illegible].
તા. ૬–૮–૨૦૧૬

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૬.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૫** લોકેશન(ખાડા) **૭૭૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન, **૨૧૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા મોજે ઉધના, ઉદ્યોગનગર સંઘ, પ્લોટ નં.૧૫૭ પૈકી રોડ નં.૧૦૮ ઉધના ખાતે **૨૦૦ ચો.ફુટ** આર.સી.સી. સ્લેબ તથા **૩૦૦ ચો.ફુટ** ચણતર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જ પેટે રૂા.૩૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૩૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જપેટે રૂા.૫,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૨૨ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૩૬, બાલાજી કોમ્પલેક્ષના માર્જીનમાં આવેલ ગેરકાયદેસર **૬૫૦ ચો.ફુટ** ચણતર તથા **૧૮૦ ચો.ફુટ** આર.સી.સી.સ્લેબ ફલેટના બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૪** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૬૩** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૫.૧૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫.૭૯** લાખ થયેલ છે., **૧૦** EC તથા ૦૯ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૯૬૦/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,૧૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૨૫.૧૫૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૭,૨૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૧૬૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૪૬૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૨૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૫૧** કરવામાં આવેલ છે. જયારે **૪૫** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં મોજે ઉધના, ઉદ્યોગનગર સંઘ, પ્લોટ નં.૧૫૭ પૈકી રોડ નં.૧૦૮ ઉધના ખાતે ૨૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૩૦૦ ચો.ફુટ ચણતર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે. તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૩૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૩૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જપેટે રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨૨ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૩૬, બાલાજી કોમ્પલેક્ષના માર્જીનમાં આવેલ ગેરકાયદેસર ૬૫૦ ચો.ફુટ ચણતર તથા ૧૮૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ ફલેટના બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૫.૦૮.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૂડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧ ફાઈલના **રૂ.૦.૦૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૪ લોકેશન (ખાડા) ૨૨૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૧૪.૬૨** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન(ખાડા) **૨૫૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૬૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨ (ઉધના), ફા.પ્લોટ નં.૯૧, સબ પ્લોટ નં.૧૩૫, ૧૩૬,૧૩૭, સોનલ ઈન્ડ.–૧ માં આશરે ૪૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા ચણતર સહિતનું બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂ.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૭૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૨૧ (ભેસ્તાન) ફા.પ્લોટ નં.૪૦, પ્લોટ નં.૯૨,૯૩,૯૪ ગુરૂકૃપા ઈન્ડ.માં **૫૦૦ ચો.ફુટ** ચણતર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા બાકીની કામગીરી પ્રગતિ હેઠળ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી** વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૬ છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : **૧૬૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૮૪.૨૮** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૬.૨૮** લાખ થયેલ છે., **૧૩** EC તથા ૦૮ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૬૨૦/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂ.૨,૬૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૧૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા: ૩૯૬ છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા: **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૪.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા: **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૨૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૧૪૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ: **૨૭૦૪૮** બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૧૧૬** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ ક્લેકશન: ૯૯૧ કરવામાં આવેલ છે. જ્યારે **૪૫** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૫,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.......................** 912
**તા.૦૬-૦૮-૨૦૧૬**

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૦૮/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૪૭૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૬૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૧૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૧૬૯ કરદાતાઓ પાસેથી રૂા.૪૨,૫૧,૩૩૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૩૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૮ એન્ટ્રીમાં રૂા.૧,૮૩,૪૪૯/– અને આર.સી.ની ૫૪ એન્ટ્રીમાં રૂા.૧,૯૮,૬૨૧/– મળી કુલ રૂા.૩,૮૨,૦૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૩૬૦/– રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૬૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૨૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨૭૭૨/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : કતારગામ મેઈન રોડ તથા મગનનગર થી બાપા સીતારામ ચોક સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી–૧૧, બંધ લારી–૦૩ તથા અન્ય–૧૨ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : નારાયણનગર થી કંતારેશ્વર મંદિર સુધી તથા નારાયણનગર સાડી માર્કેટનુ દબાણ હટાવી ખુલ્લી લારી–૧૫, બંધ લારી–૦૧ તથા અન્ય–૬૭ જપ્ત કરવામાં આવેલ છે.

૯૧૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ
## સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ વર્કશોપ

ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના બે સ્વપ્ન હતા. જેમાં એક 'હિંદ છોડો' તથા બીજુ 'સ્વચ્છ ભારત'. આપણા પૂર્વજોના પ્રયત્નોથી હિંદ છોડોનું સ્વપ્ન પૂર્ણ થયેલ છે પરંતુ સ્વચ્છ ભારતનું સ્વપ્ન અધુરું હોઈ તે સ્વપ્નને સાકાર કરવા મા.વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા ૨જી ઓકટોબર–૨૦૧૪ ના રોજ રાજઘાટની સમાધિ ખાતેથી 'સ્વચ્છ ભારત' ની શરૂઆત કરી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સાચી શ્રધ્ધાંજલિ આપવાનું સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે.

આ સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત આજ તા.૬–૮–૨૦૧૬ ના રોજ ભારત દેશના માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી વેંકયા નાયડુ ધ્વારા **'સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭'** નું નવી દિલ્હી ખાતેથી વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી. જેમાં ગત જાન્યુઆરી–૨૦૧૬ ના રોજ ભારત સરકારશ્રીના શહેરી વિકાસ મંત્રલાય ધ્વારા સ્વચ્છતાના વિવિધ માપદંડો હેઠળ ૭૫ શહેરોમાં સ્વચ્છતાનો સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યો હતો. આ વિવિધ સ્વચ્છતાના માંપદડો મુજબ શહેરોને સ્વચ્છતાનો ક્રમાંક ફાળવવામાં આવ્યો હતો અને તે મુજબ સુરત શહેરે છઠ્ઠો ક્રમ મેળવ્યો હતો. આ વિડીયો કોન્ફરન્સમાં આ વખતે થનાર સર્વેક્ષણ–૨૦૧૭માં એક લાખથી વધુ વસ્તી ધરાવતા ૫૦૦ શહેરો વચ્ચે સૌથી સ્વચ્છ શહેરોની સ્પર્ધા થનાર છે. અને સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭ નાં વિવિધ સ્વચ્છતાના માપંદંડો અન્વયે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને તેનું જીવંત પ્રસારણ તમામ શહેરોમાં કરવામાં આવેલ હતું.

વધુમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અન્વયે રહેણાંક વિસ્તારની સોસાયટીઓ જેના ક્ષેત્રફળ ૫૦૦૦ ચો.મી. કરતા વધુ હોય તેવી સોસાયટીએ પોતાના ઘન કચરાના નિકાલ પૈકી જૈવીક કચરા (ઓર્ગેનિક વેસ્ટ)ના નિકાલ માટે સોસાયટીના જ પરીસર માંજ ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર (OWC) રાખો જૈવિક કચરા માંથી બનાવવાનું રહે છે. જે સદર્ભમાં સુરત શહેર વિસ્તારમાં રાજહંસ ગ'પના પોતાના પ્રોજેકટ રાજહંસ જાયન્ટસ પરીસરમાં આવુ OWC મશીન મુકવાની પહેલ કરવા બદલ કેન્દ્ર સરકારના માન.શહેરી વિકાસ મત્રીશ્રી વૈકયા નાયડુના હસ્તે પશંસાપત્ર પણ આપવામાં આવેલ છે.

**'સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭'** અન્વયે આજ તા.૬–૮–૨૦૧૬ ના રોજ બપોરે ૨–૦૦ કલાકે સાયન્સ સેન્ટર, સુરત ખાતે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું માન.મેયરશ્રી ધ્વારા દિપ પ્રાગ્ટય કરી શરૂઆત કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ તથા અન્ય અધિકારીશ્રીઓ/કર્મચારીગણ ઉપસ્થિત રહયા હતા.

માન.મેયરશ્રી તથા મા.કમિશ્નરશ્રી ધ્વારા આગામી ૨૦૧૭ ના 'સ્વચ્છ સર્વેક્ષણ' માં ભારત દેશમાં સુરત શહેરનો પ્રથમ ક્રમ આવે તે માટે ઉપસ્થિત રહેનાર તમામને આ અભિયાનમાં સહકાર આપવા અનુરોધ કરી તથા સુરત શહેરી જનોને સાથ–સહકાર આપવા ખાસ અપીલ કરેલ હતી.

વર્કશોપમાં ભારત સરકાર તથા રાજય સરકારશ્રી ધ્વારા જુદા જુદા સ્વચ્છતાના કાર્યક્રમોની અસરકારકતા અંગે તમામના મંતવ્યો મેળવવામાં આવ્યા હતા, વિવિધ સ્વચ્છતાના માપંદડો અન્વયે કરવાની કામગીરીની છણાવટ કરવામાં આવી અને **'સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૧૭'** માં સુરત શહેર અગ્રતાના ક્રમે રહે તે અંગે યોગ્ય તમામ પ્રદાન આપવાનું નકકી થયેલ હતું.

આ સમગ્ર વર્કશોપનું આયોજન મા.કમિશ્નરશ્રીની સૂચના અને ડે.કમિશ્નર(એચએન્ડએચ) તથા આરોગ્ય અધિકારીશ્રીની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.



